Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



મૂળ વાત તો મનથી અપરિગ્રહી બનવાની છે.
પરિગ્રહ ન કરીએ પણ માનવી
મનથી પરિગ્રહ સેવ્યા કરતો હોય તો
તે સાચો અપરિગ્રહી નથી.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૧<br>અંક : [illegible]૫ | ફાગણ<br>ફાગણ–માર્ચ–૯૩ | આત્મ સંવત ૯૭<br>વીર સંવત ૨૫૧૯<br>વીક્રમ સંવત ૨૦૪૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| [૧] | ધર્મ કૌશલ્ય | સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા | ૨૯ |
| [૨] | શ્રી ભદ્રબાહુ સ્વામી | ધીરજલાલ ટોકરશી શાહ | ૩૧ |
| [૩] | 'હું' એટલે આત્મા | રતિલાલ માણેકચંદ શાહ | ૩૭ |
| [૪] | પ્રિયદર્શના | — | ૩૯ |



**આ સભાના નવા આજીવન સભ્ય**

## શ્રીમતિ ચન્દ્રલેખા શશીકાન્ત શાહ
## C/o. શશીકાન્ત એન્ડ કું. વડોદરા

## શ્રી વિરેન્દ્રકુમાર કચરાલાલ શાહ ભાવનગર

# સુમેળ સાધવાની વૃતિ અને પ્રવૃતિ

કેળવણીમાં સમન્વયનો આદર્શ રજૂ કરનાર આચાર્યશ્રી જીવનની અનેકવિધ પ્રવૃતિમાં શાંતિ અને સમાધાની હિમાયત કરે એ વસ્તુ સ્વાભાવિક છે વિભિન્ન મતભેદોમાં એમણે હમેશા માધ્યહથી રસ્તો સ્વીકાર્યો છે. એમનું જીવનસૂત્ર રહ્યુ છેઃ મળો, વિચારો, વિનિમય કરો. અને નિર્ણયને અમલી બનાવવામાં સાથ આપો. મતભેદો દુર રાખી જે વસ્તુમાં મેળ થાય. જે સર્વ માન્ય હોય તેના માટે કામ કરો.

જીવનના છેલ્લા વર્ષમાં ત્રણ ફારકાની સામાન્ય ભૂમીકાની એઓશ્રીએ જે હિમાયત કરી એનાં મૂળમાં આ વસ્તુ હતી આના પરિણામે આચાર્યશ્રીએ અનેક પ્રવૃતિઓ કરી છે. શં ૧૯૫૯ માં અંબાલામાંશ્રી આત્માનંદ જૈન મહાસભાનુ અધિવેશન થયું પછી આ સંસ્થા વિકસી આના લીધે. પંજાબમાં નવચેતના પ્રગટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ મંત્રીશ્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ (એમ.એ.બી.કોમ.,એલ.એલ.બી.)



## ધર્મ કૌશલ્ય

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

आपदर्थं धनं रक्षेत्, श्रीमतां आपदः कुतः ? ।
कदाचित् कुपितो दैवः, संचितं चापि नश्यति ।

**૧. વિપત્તિ વખતે કામ લાગે માટે ધન સાચવવું.**

**૨. શ્રીમાનોને વળી વિપત્તિઓ કેવી ?**

**૩. કદાચ ભાગ્ય ફરી જાય-દૈવ રૂઠે ?**

**૪. (દૈવ કોપે તો) સંઘરેલ સંપત્તિ પણ નાશ પામે છે.**

અસ્તવ્યસ્ત લાગતા આ શ્લોકમાં ભારે વિચારગૂંથણી કરી છે. એની પાછળ ભોજરાજાની ઉદારતાની ઉદાત્ત કથા છે. ભોજ રાજા સુંદર કાવ્ય કરનારને ભારે રકમ આપતા હતા. એક વખત તો નદીકાંઠે ઊતરતા માણસનો जानुदघ्न ગોઠણપ્રમાણ પાણી નદીમાં છે એવો શબ્દનો સુંદર પ્રયોગ સાંભળીને ભોજરાજાએ એને લાખ સોના મહોર આપી દીધી. કોઇ કવિને શિરપાવ, તો કોઈને વર્ષાસન, કોઈને સભામાં સ્થાન તો કોઇને સોના હાથીનાં દાન. એનો દાનપ્રવાહ ધોધબંધ ચાલ્યા જ કરે. મંત્રીઓ આટલી મોટી ઉદારતા સહન ન કરી શકયા એટલે એક સમયે એમણે રાજાના પ્રવેશદ્વાર ઉપર પ્રથમનું પદ લખ્યું. આપત્તિ વખતે કામ લાગે માટે માણસે ધનને જાળવવું, એકઠું કરવું-એને ઉડાડી ન દેવું, એવો એનો ભાવ હતો.

ભોજરાજાએ તુરત પોતાને હાથે લખ્યું કે નશીબદાર શ્રીમાનને આપદા કેવી? મતલબ એ હતી કે ધનવાનને આપદા હોય જ નહિ. ધનવાનને ને આપદાને વિરોધ જ હોય, એને તો પાણી માંગે ત્યાં દૂધ મળે. ત્યાં વળી દુઃખની વાત કેવી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોજ રાજાના અમલદારો પણ ભણેલા હતા. મંત્રીઓએ તેની નીચે ત્રીજું ચરણ ઉમેર્યું. ધારો કે દેવ કોપે તો ? નસીબ ફરી જાય તો ? મોળા દિવસો આવે તો ?' આમાં આડકતરી ચેતવણી અને ગર્ભિત ઠપકા જેવું હતું. સર્વના એકસરખા દિવસો જતા નથી, પણ અંધારી રાતનો હોંકારો થઈ પડે તેવું ધન રક્ષવું-બચાવવું-સંઘરવું ઘટે.

પણ મહારાજા ભોજ પોતે વિદ્વાન, સત્ત્વશાળી અને વિચારક તત્ત્વજ્ઞાની હતા. એમણે એની નીચે ચોથું ચરણ ઊમેર્યું કે-દેવ કોપે ત્યારે એકઠો કરેલો પૈસો કે જાળવી રાખેલી સંપત્તિ પણ નાશ પામી જાય. જ્યારે દિવસ ઊઠે છે ત્યારે તો મોટા ભૂપ હોય કે રાજા મહારાજા હોય કે મોટા શેઠીયા હોય એના ઘરમાંથી ધન પગ કરીને ચાલ્યું જાય છે; માટે હોય ત્યાં સુધી વાપરો. દાન કરો અને નામના કરો. શેઠના ઘરમાંથી ધન ચાલવા માંડ્યું ત્યારે હાથમાં એનો આંકડો રહી ગયો તે પણ બીજે દિવસે બીજાને ઘેર જમવા જતાં તેના થાળમાં ચોંટી ગયો. ધન જવા બેસે ત્યારે તો દોકડા પૈકે ચાલ્યું જાય છે, પણ સારાં કામમાં હોય ત્યાં સુધી ખરચ્યે જ રાખો, ખાધું ખૂટશે, પણ આપ્યું ખૂટશે નહિ, અને સારી બાબતના ખર્ચના નશીબ પણ મોટા જ હોય છે, માટે હોય ત્યારે આપો, આપો અને ન આપો તો અમારા જેવા ન આપનારના હાલ જુઓ એમ ભિક્ષુક બોધ આપે છે. તેના જેવા ન થવું હોય તો રાજા ભોજને અનુસરો.

કોઈ કડવું કહે તો ખમી લેવું, કોઈ વઢે તો રાજી થવું અને કહેવું મારા ભાગ્ય કે તમે મને વઢયાને મારી ભૂલ સુધારી.

વડિલોની ટોકણી વડે જ આગળ વધાય કોઈ અન્યાય કરે તો સહી લેવો પણ કોઈની સાથે આંટી પડવા ન દેવી બીજાનાં તો ગુણ જ લેવા ને આપણા અવગુણ શોધી સુધારવા ફલાણો આવો ને ફલાણો તેવો એવી વાત કરવી જ નહિ.

બધા સારા છે.

એમ સમજી ગુણગ્રાહક થવું આ બધા સહન શીલતાનો તપ છે. આવા તપ વડે જ તેજસ્વી થવાય ને આગળ વધાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ભદ્રબાહુ સ્વામી

લેખક
ધીરજલાલ ટોકરશી શાહ

પ્રતિષ્ઠાનપુરમાં બે બ્રાહ્મણભાઈઓ હતા. એકનું નામ ભદ્રબાહુને બીજાનું નામ વરાહમિહીર કુટુંબનો ધંધો વિદ્યા ભણવાને ભણાવવાનો હતો એટલે બન્ને ભાઇઓને વિદ્યા વારસામાં ઉતરી. એ બે ભાઇઓને ન હતો ખાવાપીવાનો શોખ કે ન હતો કપડાંલત્તાંનો શોખ. એ તો એ ભલાને શાસ્ત્રો ભલાં. જો ક્યાંઈ નવું જાણવાનું મળે તો ખાવાનું ખાવાના ઠેકાણે રહે ને વહેલા ત્યાં પહોંચી જાય.

વિદ્યા મેળવવામાં અત્યંત ઉત્સાહને ખંત હોવાથી તે બંને થોડા વખતમાં ધર્મશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, વ્યાકરણ તથા જ્યોતિષ વગેરે શાસ્ત્રોમાં પ્રવીણ થયા.

એક વખત યશોભદ્રસૂરિ નામના અગાધ જ્ઞાની આચાર્યનો તેમને સમાગમ થયો. એ આચાર્ય દશ વૈકાલિક સૂત્રના રચનાર શય્યંભવસૂરિના ચૌદપૂર્વધારી શિષ્ય હતા. જેમ સૂર્ય આગળ આગીઓ ઝાંખો પડી જાય, જેમ સોના આગળ કથીર કુબડું દેખાય તેમ આ બેઉ ભાઈઓને લાગ્યું. ખરી વિદ્યાને ખરૂં જ્ઞાન મેળવવું હોય તો આ મહાત્મા પાસે છે એમ તેમને જણાયું. એથી બંનેએ તેમની આગળ દીક્ષા લીધીને જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરવા માંડયો.

જૈન શાસ્ત્રોમાં જે પુસ્તકો અત્યંત પવિત્ર ને પ્રમાણભૂત ગણાય છે તે આગમ કહેવાય છે. પ્રભુ મહાવીરે જે ઉપદેશ આપ્યો તેને ગણધર શ્રી ગૌતમસ્વામી તથા બીજાઓએ સૂત્ર રૂપે ગુંથ્યો. એ સૂત્રોની સંખ્યા ૧૨ ની છે. એટલે તેને દ્વાદશાંગી કહેવાય છે. દ્વાદશ એટલે બાર અને અંગ એટલે સૂત્રો ભદ્રબાહુ સ્વામી તો આ બાર અંગમાંથી પહેલું આચારાંગ શીખી ગયા; બીજું સુયગડાંગ શીખી ગયા. ત્રીજું ઠાણાંગ શીખી ગયા, ચોથુ સમવાયાંગ શીખી ગયા, પછી તો ભગવતીજી, જ્ઞાતાધર્મ કથા, ઉપાશકદશાંગ, અંતગડદશાંગ, અનુત્તરોવવાઈ, પ્રશ્ન વ્યાકરણ, અને વિપાકશ્રુત પણ શીખી ગયા. હવે આવ્યું બારમુ અંગ–ઘણુંજ મોટું ને ઘણુંજ જ્ઞાનવાળું. એનું નામ દૃષ્ટિવાદ. વરાહમિહીર તો એટલેથી અટક્યા ને બીજું બાજું શીખવા મંડયા. ભદ્રબાહુસ્વામી એમ અટકે તેવા ન હતા. એ તો કેડ બાંધીને, એકાગ્ર મન કરીને દૃષ્ટિવાદ શીખવા લાગ્યા. તેનો પહેલો ભાગ પરિકર્મ શીખી ગયા. એમાં ઘણી ઉંડીને ઘણી ઝીણી વાતો. પછી બીજો ભાગ સૂત્ર આવ્યો. તેના ૮૮ ભેદ. તે પણ શીખી ગયા. હવે આવ્યો ત્રીજો ભાગ પૂર્વગત. ઘણો અઘરોને ઘણો વિશાળ: એના ચૌદ તો મહાન ભાગ. એકેકું પૂર્વ એટલું જ્ઞાનવાળું કે તેની સરખામણી ન થાય. એ પૂર્વ લખ્યાં લખાય નહિ. ફકત આત્માની શકિત (લબ્ધિ) થીજ શીખાય. કોઈ પૂછશે કે એમ છતાં લખવું હોય તો કાંઈક તો પ્રમાણ બતાવો એટલે ખ્યાલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે. અનંતજ્ઞાનને અક્ષરમાં ઉતારવાનું પ્રમાણ તો શું બતાવાય ? એની મુશ્કેલીનો ખ્યાલ આપી શકાય. એક હાથી ડુબે એટલી શાહી હોય તો પહેલું પૂર્વ લખાય. બે હાથી ડુબે એટલી. શાહી હોય તો બીજું લખાય. એમ બમણાં બમણાં હાથી કરતાં ચૌદમું પૂર્વ લખવા માટે હજારો હાથી જેટલી શાહી જોઇએ. અહા ! એ તો ઘણું જ મોટુંને ઘણું જ મુશ્કેલ ! એવો મોટોને મુશ્કેલીવાળો ભાગ પણ ભદ્રબાહુ શીખી ગયા. પછી અનુયોગને ચૂલિકા પણ શીખી ગયા. હવે ભદ્રબાહુ સ્વામી ચૌદ પૂર્વધારી કહેવાયા. તેમણે આ મહાન શાસ્ત્રો બીજા સારી રીતે સમજી શકે એટલા માટે કેટલાકના સરળ અર્થ લખ્યા. એને નિર્યુક્તિ કહેવાય છે. એવી નિર્યુક્તિ દશ સૂત્રો પર રચી.

ગુરૂએ ભદ્રબાહુ સ્વામીને હવે બરાબર લાયક જોઈ આચાર્યપદ આપ્યું. વરાહમિહીર કહે, હું પણ ઘણું ભણ્યો છું. માટે મને આચાર્યપદ અપાવો. ભદ્રબાહુ સ્વામી કહે,એ વાત સાચી પણ તારામાં ગુરુનો વિનય ને નમ્રતા કયાં છે ? વરાહમિહીર કહે, તો શું અમે નકામા સાધુ થયા ? જો આચાર્યપદ ન અપાવો તો આ દીક્ષા પણ રાખવી નથી. ભદ્રબાહુ સ્વામી કહે, તને સુખ ઉપજે એમ કર. વરાહમિહીરે તો દાઝના બળ્યા પવિત્ર દીક્ષા છોડી દીધી. અભાગીના હાથમાં રત્ન આવ્યું તે શી રીતે રહે ?

"ભદ્રબાહુ ! તું આગળ ચડી ગયો ને મને નીચો રાખ્યો તો હું પણ હવે તને બતાવી દઉં. શું મારામાં વિદ્યા નથી ? મારા જેટલું જ્યોતિષનું જ્ઞાન કોનામાં છે એ તો બતાવો. બસ હવે આ જ્યોતિષ વિદ્યાના બળે કરી આગળ વધુંને તને પણ બતાવી દઉં ! આવો વિચાર કરી તે પાટલીપુત્રમાં જ રહેવા લાગ્યોને પોતાની કીર્તિ ફેલાવવા અનેક જાતના પ્રયત્ન કરવા લાગ્યો. તેણે એક વાત તો એવી ફેલાવી કે નાનપણથી મને મુહૂર્ત જોવાનો બહુ શોખ હતો.

એક વખત મેં ગામ બહાર જઈ મુહૂર્ત જોવા માટે કુંડળી બનાવી તેમાં સિંહનું ચિત્ર આલેખ્યું. એનું ગણિત ગણવાની ધુનમાં એ કુંડળી ભૂંસવી ભૂલી ગયો ને ઘેર આવ્યો. રાતના યાદ આવ્યું કે કુંડળી ભૂંસવી ભૂલી ગયો છું. એટલે ત્યાં ગયો તો સિંહરાશિનો સાચો સ્વામી સિંહજ ત્યાં બેઠો હતો. છતાં મેં હિમ્મત લાવી તેની નીચે હાથ નાંખી કુંડળી ભૂંસી નાંખી. આથી તે ખુબ પ્રસન્ન થયો ને મને વરદાન માગવા કહ્યું. મેં કહ્યું કે તમે જો પ્રસન્ન થયા હો તો મને બધું જ્યોતિશ્ચક્ર બતાવો. તે મને પોતાની દિવ્યશકિતથી જ્યોતિશ્ચક્રમાં લઈ ગયોને બધું બતાવ્યું. હવે એ જ્ઞાનથી લોકોના પર ઉપકાર કરવાજ હું ફરૂં છું.

'દુનિયા તો ઝુકતી હે ઝુકાનેવાલા ચાહિયે' એ વાત બરાબર છે. વરાહમિહીરની વાત ઘણાયે સાચી માની ને તેને ખુબ માન આપવા લાગ્યા એમ કરતાં તે નંદરાજાનો પુરોહિત થયો.

પાટલીપુત્રના નંદરાજાઓ ખૂબ વૈભવશાળી ને પ્રતાપી હતા. એમના પુરોહિતને શેની મણા રહે ! આ રાજાને લાંબે વખતે એક પુત્ર થયો એટલે આખા નગરમાં આનંદ ઉત્સવ થયો. લોકો અનેક જાતની ભેટો લઈ રાજાને મળવા આવવા લાગ્યા ને પોતાનો આનંદ પ્રદર્શિત કરવા લાગ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરાહમિહીરે આ પુત્રની જન્મપત્રિકા બનાવી ને તેમાં લખ્યું કે પુત્ર સો વર્ષનો થશે. રાજાને એથી અત્યંત હર્ષ થયો ને વરાહમિહીરને ખુબ ઇનામ આપ્યું. વરાહમિહીરને આ વખતે પોતાની દાઝ કાઢવાનો લાગ મળ્યો. તેણે રાજાના કાન ભંભેર્યા કે મહારાજ ! આપના કુંવરના જન્મથી રાજી થઇ બધા મળવા આવી ગયા પણ પેલા જૈનના આચાર્ય ભદ્રબાહુ નથી આવ્યા. તેનું કારણ તો જાણો ? રાજા કહે, એમ ? આ શકડાળ મંત્રી તેમના ભક્ત છે તેમને પૂછીશ. રાજાએ તો શકડાળ મંત્રીને બોલાવ્યા ને પૂછયું આ આનંદ પ્રસંગે બધા મને મળવા આવ્યા પણ તમારા ગુરુ કેમ નથી આવ્યા ? શકડાળ મંત્રી કહે, એમને પૂછીને કાલે હું જણાવીશ. તે ભદ્રબાહુ સ્વામીને મળ્યા. ભદ્રબાહુ સ્વામી તો મુનિ હતા. તેમને જન્મમરણનો શોક કે ઉત્સવ શું ? તે જાણી ગયા કે રાજાના કાન ભંભેરાયા છે. માટે શાસન ઉપર રાજાની અપ્રીતિ ન થાય તેવું કરવું તેમણે મંત્રીને કહ્યું કે રાજાને એમ કહેજો કે નકામું બે વખત આવવું જવું શા માટે પડે ! એ પુત્ર તો સાતમે દિવસે બિલાડીના મોઢાથી મરણ પામવાનો છે.

મંત્રીએ જઈને રાજાને વાત કરી. એટલે રાજાએ પુત્રની રક્ષા કરવા ખુબ ચોકી પહેરા મૂકી દીધા ને ગામ આખાની બિલાડીઓ પકડીને દૂર મોકલાવી દીધી. પણ બન્યું એવું કે સાતમા દિવસે ધાવમાતા બારણામાં બેઠી બેઠી પુત્રને ધવરાવતી હતી તેવામાં અકસ્માત બાળક પર લાકડાનો આગળીયો (અર્ગલા) પડયો ને તે મરણ પામ્યો. બધે શોક શોક થઈ રહ્યો. વરાહમિહીર તો બિચારો મ્હોં સંતાડવા લાગ્યો. તેની જ્યોતિષની બધી શેખી જણાઇ ગઈ. ભદ્રબાહુસ્વામી રાજાનો એ શોક નિવારવા અર્થે રાજમહેલમાં ગયા. ત્યાં રાજાને ધીરજ આપી. પછી રાજાએ પૂછયું કે તમે શી રીતે આ બાળકનું આયુષ્ય સાત દિવસનું જાણ્યું ! વળી તમે બિલાડીના મોઢાથી મરણ થશે એમ કહ્યું હતું તે તો બરાબર નથી. સૂરિજી કહે તે આગળીયો લાવો. તે આગળીયો લાવ્યા તો તેનાપર બિલાડીનું મોઢું કોરેલું. પછી તે બોલ્યા : અમે જે જાણ્યું તે અમારા શાસ્ત્રના આધારે જાણ્યું છે. વરાહમિહીરે જે મુહૂર્ત જોયું તેમાં સમય ખોટો લીધો હતો. આ સાંભળીને વરાહમિહીરને ખુબ ખેદ થયો. તે બધાં જ્યોતિષના પુસ્તકો પાણીમાં બોળી દેવા તૈયાર થયો. ત્યારે સૂરિજીએ કહ્યું કે એ શાસ્ત્ર તો બધા સાચા છે પણ ગુરૂગમ જોઇએ. માટે એમ કરવાથી શું લાભ! વરાહમિહીર એ સાંભળી શાંત થયો પણ સૂરિજી પ્રત્યેનો દ્વેષ તો નજ ગયો. તે ખરાબ ખરાબ વિચારો કરતો મરણ પામ્યો એટલે મરીને વ્યંતર થયો ને જૈન સંઘમાં રોગચાળો ફેલાવવા લાગ્યો. ભદ્રબાહુ સ્વામીએ એ ઉપદ્રવ દૂર કરવા ,'ઉવસગ્ગહરં' સૂત્ર બનાવ્યું જેના બોલવાથી એ ઉપસર્ગની કાંઈ અસર થઈ શકી નહિ. આજે પણ એ મહાપ્રભાવવાળું સ્તોત્ર ગણાય છે. શ્રી ભદ્રબાહુ સ્વામીએ આવી રીતે અનેક ઠેકાણે પોતાની વિદ્વતાથી જૈનધર્મનું ગૌરવ વધાર્યું.

શ્રી યશોભદ્રસૂરિજીની પાટે શ્રી સંભૂતવિજયજી નામના આચાર્ય હતા. ભદ્રબાહુ સ્વામી તેમના ગુરૂભાઇ થાય. આ બંને મહાન આચાર્યો જ્યારે હિંદભરમાં જૈન શાસનનો ડંકો વગાડી રહ્યા હતા ત્યારે પાટલીપુત્રમાં રાજ્યની મહાન ઉથલપાથલ થઈ રહી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવમાં નંદે ચાણાકય નામના એક અત્યંત બુદ્ધિશાળી બ્રાહ્મણનું અપમાન કર્યું. તેણે અનેક પ્રપંચ કરી નંદરાજાનો નાશ કર્યો અને ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડયો. મુરા નામની દાસીનો તે પુત્ર હોવાથી તેનો વંશ મૌર્ય કહેવાયો. ચાણાકય તેનો પ્રધાન થયો. એના બુદ્ધિબળથી અને ચંદ્રગુપ્તના પરાક્રમથી તેમણે આખા હિંદ ઉપર પોતાની આણ ફેરવી. હિંદમાં પરદેશીઓની ચડાઈ પહેલવહેલાં એનાજ વખતમાં થઈ પણ એણે તેમને હાર આપી ઉલટો તેમનોજ કેટલોક મુલક કબજે કર્યો.

સમ્રાટ ચંદ્રગુપ્ત ખુબ વૈભવ ને ઠાઠમાઠથી રહેતો હતો. ભદ્રબાહુ સ્વામીએ પોતાની વિદ્વતાથી તેના પર ઘણી સુંદર છાપ પાડી હતી. એક વખત ચંદ્રગુપ્ત જ્યારે ભરનિંદમાં સૂતો હતો ત્યારે તેને સોળ સ્વપ્ન આવ્યાં. એ સ્વપ્નોનો અર્થ તેણે ભદ્રબાહુ સ્વામીને પૂછયો. ભદ્રબાહુ સ્વામીએ પોતાના અગાધ જ્ઞાનથી તે સ્વપ્નોનો અર્થ સમજાવ્યો: રાજન્ ! પહેલા સ્વપ્નમાં તેં કલ્પવૃક્ષની ડાળ ભાંગેલી દીઠી એનું ફળ એ છે કે આ પાંચમાં આરામાં ઘણા ઓછા માણસો દીક્ષા લેશે. બીજા સ્વપ્નમાં તેં સૂર્યાસ્ત જોયો તેનો અર્થ કેવળજ્ઞાનરૂપી સૂર્યનો અસ્ત થયો. ત્રીજા સ્વપ્નમાં ચાળણી જેવા ચંદ્રમાં જોયો એનું ફળ જૈનમતમાં અનેક ભેદ પડશે ને ધર્મ ચાળણીએ ચળાશે. ચોથા સ્વપ્નમાં બાર ફણાવાળો સર્પ જોયો એનું ફળ બાર બાર વર્ષના ભયંકર દુકાળો પડશે. પાંચમાં સ્વપ્નમાં તેં દેવ વિમાન પાછું જતાં જોયું એનું ફળ એ આવશે કે ચારણ મુનિ તેમજ વિદ્યાધરો આ ભૂમિમાં આવશે નહિ. છઠ્ઠા સ્વપ્નમાં તેં ઉકરડામાં કમળ ઉગેલું જોયું તેનું ફળ એ છે કે નીચ પણ ઉંચ ગણાશે. સાતમાં સ્વપ્નમાં ભૂતોનું ટોળું નાચતું જોયું. એનું ફળ એ છે કે મલીન દેવ દેવીઓની માન્યતા વધશે. આઠમાં સ્વપ્ને તેં આગીઓ જોયો એનું ફળ જૈન ધર્મમાં દઢ થોડા રહેશે. કુમતો વધારે પ્રકાશમાં આવશે. નવમાં સ્વપ્ને સુકું સરોવર જોયું ને તેમાં દક્ષિણ દિશાએ થોડું પાણી જોયું એનું ફળ એ છે કે મુનિઓ પોતાનો જીવ બચાવવા દક્ષિણ દિશામાં જશે ને જ્યાં જ્યાં તીર્થંકરોનાં કલ્યાણક હશે ત્યાંથી જૈન ધર્મનો વિચ્છેદ થશે. દશમાં સ્વપ્નમાં કુતરાઓને સોનાના થાળમાં ખીર ખાતા જોયા એનું ફળ એ આવશે કે લક્ષ્મી ઉત્તમ કુળમાંથી નીચ કુળમાં જશે. અગીઆરમાં સ્વપ્નમાં વાંદરાને હાથીપર બેઠેલો જોયો તેનું ફળ હવે પછી મિથ્યાત્વી રાજા ઘણા થશે. બારમે સ્વપ્ને સમુદ્રને માઝા મૂકતો જોયો તે સૂચવે છે કે રાજાઓ ન્યાય-નીતિ મૂકીને પ્રજાને હેરાન કરશે. ગમે તેવા કરવેરા નાંખી પૈસા પડાવશે. તેરમે સ્વપ્ને મહારથને વાછરડાં જોડેલાં જોયાં તેનું ફળ એ થશે કે પવિત્ર ભાગવતી દીક્ષાને મોટી ઉમ્મરના માણસો ગ્રહણ કરશે. બાળપણામાં વધારે દીક્ષા લેશે ને તે પણ ભુખે પીડાતા કે દુઃખે સીદાતા વળી તે ગુરૂનો વિનય કરવા મૂકી પોતપોતાની મતિએ ચાલશે. ચૌદમે સ્વપ્ને રાજપુત્રને ઉંટપર ચડેલો જોયો તેનો અર્થ રાજાઓમાં સંપ નહિ રહે. પોતાના સ્નેહીઓ સાથે વેરઝેર કરશે ને બીજા જોડે પ્રીતિવાળા થશે. પંદરમે સ્વપ્ને રત્નના ઢગલામાં માટી મળેલી જોઇએ સૂચવે છે કે મુનિઓ આગમગત વ્યવહારને છોડી દઈ બાહ્ય આચાર પર વધારે ભાર મૂકશે. એમની રહેણી ને કરણી એક નહિ હોય. સોળમે સ્વપ્ને બે કાળા હાથીને લડતા જોયા તે જોઇએ ત્યાં વરસાદ નહિ પડે એમ સૂચવે છે. આ સોળ સ્વપ્નનો અર્થ સાંભળી રાજા ચંદ્રગુપ્તને ખુબ દુઃખ થયું. તે ઉદાસ થયો. કેટલાકના માનવા પ્રમાણે તેણે આ વખતે પોતાના પુત્રને રાજ સોંપી નિવૃત્તિમાર્ગ સ્વિકાર્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભદ્રબાહુ સ્વામી પણ બાર વર્ષનો ભયંકર દુકાળ પડશે એમ જાણી નેપાળ દેશમાં ગયાને ત્યાં મહાપ્રાણ ધ્યાનનો આરંભ કર્યો.

બાર વર્ષનો ભયંકર દુકાળ પડયો છે. અન્ન પાણીના સાંસા પડવા લાગ્યા છે. એટલે સાધુઓ દક્ષિણ દિશામાં ચાલ્યા ને સમુદ્રના કિનારે આવેલા ગામડામાંથી આહાર પાણી મેળવવા લાગ્યા. વિદ્યા એવી વસ્તુ છે કે જો તેને ફરી ફરીને ફેરવીએ નહિ તો વિસરી જવાય. આ સાધુઓને પણ તેમજ થયું. તેઓ ઘણા શાસ્ત્ર ભૂલવા લાગ્યા. જ્યારે બાર વર્ષનો દુકાળ પૂરો થયો ત્યારે સાધુઓ પાછા ફર્યા ને પાટલીપુત્રમાં બંધો સંઘ એકઠો થયો. તે વખતે જેને જે સૂત્રો યાદ હતા તે બધાં એકઠાં કરી લીધાં. એમાં અગિયાર અંગો મળી શકયાં પણ બારમું દૃષ્ટિવાદ અંગ બાકી રહ્યું, બધા મુંઝાવા લાગ્યા. તે વખતે નેપાળમાં ગયેલા ભદ્રબાહુ સ્વામી યાદ આવ્યા. તે દૃષ્ટિવાદ અંગ જાણતા હતા. સંઘે બે મુનિને તેમને બોલાવી લાવવા મોકલ્યા. બન્ને મુનિ લાંબો વિહાર કરી નેપાળ પહોંચ્યા. ત્યાં ભદ્રબાહુ સ્વામી ધ્યાનમાં મસ્ત હતા. જ્યારે તે ધ્યાનમાંથી જાગ્યા ત્યારે સાધુઓએ હાથજોડી કહ્યું કે હે ભગવન્ ! સંઘ આપને પાટલીપુત્ર આવવાનો આદેશ (હુકમ) કરે છે.

ભદ્રબાહુ સ્વામી એ સાંભળી બોલ્યા : હમણાં મેં મહાપ્રાણધ્યાન શરૂ કરેલ છે તે બાર વર્ષે પૂરૂં થાય છે માટે હું આવી શકીશ નહિ. આ મહાપ્રાણધ્યાનની સિદ્ધિ થવાથી જરૂરને વખતે એક મુહૂર્ત માત્રમાં બધા પૂર્વની સૂત્ર ને અર્થ સાથે ગણના થઈ શકે છે. મુનિઓ પાછા આવ્યા. સંઘને વાત કરી. સંઘે એ સાંભળી બીજા બે સાધુઓને તૈયાર કર્યા ને તેમને જણાવ્યું કે તમારે જઈને ભદ્રબાહુ સ્વામીને પૂછવું કે જે સંઘની આજ્ઞા ન માને તેને શી શિક્ષા કરવી ? પછી તે કહે કે 'સંઘ બહાર' એટલે તમે કહેજો કે સંઘે તમને એ શિક્ષા ફરમાવી છે. પેલા મુનિઓએ જઈને ભદ્રબાહુ સ્વામીને પૂછયું એટલે તેમણે જવાબ આપ્યો કે સંઘ બહાર. પણ સાથે સાથે જણાવ્યું કે શ્રીમાન સંઘે એમ ન કરતાં મારા પર કૃપા કરવી, અને બુદ્ધિમાન સાધુઓને મારી પાસે ભણવા મોકલવા. હું તેમને હંમેશાં સાત વખત પાઠ આપીશ. સવાર, બપોર ને સાંજ તથા ભિક્ષાવેળાએ ને સાંજના પ્રતિક્રમણ પછી ત્રણ વખત. સાધુઓએ શ્રી ભદ્રબાહુ સ્વામીનો સંદેશો સંઘને પહોંચાડયો. એટલે સંઘે પાંચસો સાધુઓને તૈયાર કર્યા.

આ સંઘમાં કોશા વેશ્યાને ત્યાં બાર વર્ષ સુધી પડી રહેનારને પાછળથી દીક્ષા લેનાર શકડાળ મંત્રીના પુત્ર શ્રી સ્થૂલિભદ્રજી પણ હતા.

સાધુઓને શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ પાઠ આપવા માંડયા. પણ બધા સાધુઓને તે બહુ ઓછા લાગ્યા. ધીમે ધીમે તેઓ કંટાળીને પાછા ફર્યા. એકલા સ્થુલિભદ્રજી રહ્યા. તેઓ આઠ વર્ષમાં આઠ પૂર્વ સારી રીતે ભણ્યા. પછી એક વખત ભદ્રબાહુ સ્વામીએ પૂછયું કે સ્થૂલિભદ્ર ! તું નિરાશ થયેલો કેમ જણાય છે ? સ્થૂલિભદ્ર કહે, પ્રભો ! હું નિરાશ તો નથી થયો પણ મને પાઠ બહુ ઓછા લાગે છે. ભદ્રબાહુ સ્વામી કહે, હવે ધ્યાન પૂરૂં થવાને બહું વખત નથી. ધ્યાન પૂરૂં થયા પછી તું માગીશ તેટલા પાઠ આપીશ. સ્થૂલિભદ્રજી કહે, ભગવન્ ! હવે મારે કેટલું ભણવાનું બાકી છે ? ભદ્રબાહુ સ્વામી કહે, તું એક બિંદુ જેટલું ભણ્યો છે ને સાગર જેટલું બાકી છે. સ્થૂલિભદ્રજીએ પછી કાંઈ પૂછયું નહિ. ખુબ ઉત્સાહથી આગળ ભણવા મંડયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાપ્રાણ ધ્યાન પૂરું થયું. સ્થૂલિભદ્રજીને વધારે પાઠ મળવા લાગ્યા એટલે તે દશપૂર્વમાં બે વસ્તુ ઓછી રહી ત્યાં સુધી શીખી ગયા.

ભદ્રબાહુ સ્વામી નેપાળમાંથી પાછા ફર્યા. સાથે સ્થૂલિભદ્રજી પણ પાછા ફર્યા. આચાર્ય શ્રી સંભૂતવિજયજી કાળધર્મ પામ્યા હતા. તેથી તે તેમની પાટે આવ્યા. હવે તે યુગ પ્રધાન કહેવાયા. તેઓ વિહાર કરતાં કરતાં પાટલીપુત્ર આવ્યા.

અહીં સ્થૂલિભદ્રની સાતે બહેનો સાધ્વી થઇ હતી. તેમણે સમાચાર સાંભળ્યા કે સ્થૂલિભદ્રજી શાસ્ત્રોનો અભ્યાસ કરી પાછા ફરે છે. તેથી વંદન કરવાને તેઓ શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે આવી. વંદન કરીને તેમણે પૂછ્યું: ગુરુ મહારાજ ? સ્થૂલિભદ્રજી કયાં છે ! શ્રી ભદ્રબાહુ કહે, પાસેની ગુફામાં જાવ, ત્યાં ધ્યાન ધરતા બેઠા હશે. તેઓ સ્થૂલિભદ્રને મળવા ગુફા તરફ ચાલી. સ્થૂલિભદ્રે જોયું કે પોતાની બહેનો મળવા આવે છે એટલે શીખેલી વિદ્યાનો પ્રભાવ બતાવવા સિંહનું રૂપ ધારણ કર્યું. યક્ષા વગેરે આવીને ગુફામાં જુએ તો સિંહ. તે આશ્ચર્ય પામી: આ શું ? શું કોઈ સિંહ સ્થૂલિભદ્રને ખાઈ ગયો ? તેઓએ પાછા આવીને ભદ્રબાહુ સ્વામીને સઘળી હકીકત જણાવી. ભદ્રબાહુ સ્વામીએ પોતાના જ્ઞાનથી જાણ્યું કે સ્થૂલિભદ્રે પોતાની વિદ્યા બતાવી. તેમણે સાધ્વીઓને કહ્યું: ફરીથી તમે જાવ. સ્થૂલિભદ્ર તમને મળશે. યક્ષા વગેરે ફરીને ગયા. ત્યારે સ્થૂલિભદ્ર પોતાના મૂળ રૂપમાં બેઠા હતા. અરસપરસ સહુએ શાતા પૂછી.

હવે બાકી રહેલો શાસ્ત્રનો થોડો ભાગ શીખવા સ્થૂલિભદ્રજી ભદ્રબાહુ સ્વામી પાસે ગયા ત્યારે તેમણે કહ્યું: તમને હવે શાસ્ત્ર શીખવાડાય નહિ. તેને માટે તમે લાયક નથી. સ્થૂલિભદ્ર વિચારવા લાગ્યા: એવો મારો શો અપરાધ થયો હશે ? વિદ્યાના બળથી પોતે સિંહનું રૂપ લીધેલું તે યાદ આવ્યું. તેઓ નમી પડયા ને બોલ્યા: મારી ભૂલ થઈ. હવે એવી ભૂલ નહિ કરું. ભદ્રબાહુ સ્વામી કહે, "પણ હવે મારાથી તમને અભ્યાસ કરાવાય નહિ." છેવટે સંઘે મળીને વિનંતિ કરી ત્યારે ભદ્રબાહુ સ્વામીએ બાકીનો ભાગ ભણાવ્યો. પણ તેના અર્થ શીખવ્યા નહિ.

સ્થૂલિભદ્રજી સર્વ શાસ્ત્રના જાણકાર થયા. એમના પછી કહેવાય છે કે કોઇ બધા શાસ્ત્રના જાણકાર થયા નથી.

હવે ભદ્રબાહુ સ્વામીનું મરણ પાસે આવ્યું. તેમની જગા સાચવનાર અત્યંત બાહોશ ને જ્ઞાની સાધુ જોઇએ. તે સ્થૂલિભદ્ર હતા. તેથી તેમને પાટે બેસાડયા ને પોતે શાંતિથી ધ્યાન ધરતા ધરતા મરણ પામ્યા.

ભદ્રબાહુ સ્વામીનું નામ આજે પણ પ્રાતઃસ્મરણીય ગણાય છે. પ્રાતઃકાળમાં ઉઠીને ભરહેસર બાહુબળીની સજ્ઝાય બોલતાં તેમનું નામ લેવાય છે.

પર્યૂષણ પર્વમાં વંચાતું અત્યંત પવિત્ર કલ્પસૂત્ર તેઓએ જ એક સૂત્રમાંથી જુદું પાડીને બનાવ્યું છે. બીજા પણ જ્યોતિષ વગેરેના ગ્રંથો રચેલા છે. નમસ્કાર હો મહાશ્રુત કેવલી ભદ્રબાહુ સ્વામીને.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હું એટલે આત્મા

લેખક : **રતિલાલ માણેકચંદ શાહ**

'હું' કોણ છું ? તેનો વિચાર આપણને કોઇ પણ દિવસે ઉદભવે છે ખરો ? ન ઉદભવતો હોય તો આજે જ સંદર્ભમાં વિચારો, પ્રથમ તે જાણવું અત્યંત આવશ્યક છે. કેટલાક ને જરૂર એમ લાગશે કે શું અમે એટલું પણ નહીં જાણતા હોઇએ ? એમાંશું વિચારવા યોગ્ય છે ! હું એટલે અમે અને અમે એટલે આ શરીર તેમ શરીર પ્રત્યે આંગળી તે ચીંધી હું ને બતાવશે, પણ તેથી તે સાચા છે તેમ કહી શકાય નહિ.

હું એટલે આ શરીર નહિ, પણ શરીર અંદર રહેલો 'આત્મા,' આ શરીર તો પરિવર્તન શીલ, ચલાયમાન, અસ્થિર અને વિનાશક છે. જ્યારે શરીરની અંદર રહેલો આત્મા અજર છે, અમર છે, અભેદ છે, અચ્છેદ છે. અનંતજ્ઞાનદર્શન-ચારિત્ર, અનંત વીર્ય, અનંત શક્તિ અનંત ગુણોનો ધણી છે. ઉપયોગમય, અમૂતિક, કર્તા. સ્વદેહ પરિણામ, ભોકતા, સંસારસ્થ, સિધ્ધ અને વસ્રસા ઉધ્ર્વગામી એ જીવના નવ અધિકાર છે.

આત્મા નિશ્ચયથી શુદ્ધ ચેતના સ્વરુપ છે, અનંત દર્શન-જ્ઞાન સ્વરુપ છે. અમૂર્તિક છે, પોતાના શુદ્ધ ભાવોનો કર્તા છે, ચૈતન્ય ગુણોનો ભોકતા છે, લોકાકાશની બરોબર અસંખ્યાત પ્રદેશી છે, શુદ્ધ છે, નિત્ય છે, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સહિત છે અને સ્વભાવથી ઉધ્ર્વગમન કરવાવાળો છે.

વ્યવહાર નયથી ઇંદ્રિયાદિ દસ પ્રાણોથી જીવે છે, મતિગાન વિગેરે અને ચક્ષુદર્શન વિગેરે યથ યોગ્ય ઉપયોગ સાહત છે, કર્મોનો કર્તા છે, સુખ-દુઃખ રૂપ કર્મ ફળોનો ભોકતા છે, નામ કર્મનો ઉદયથી પ્રાપ્ત પોતાના નાના મોટા શરીર બરાબર છે, જીવ સમાસ, માર્ગણા અને ગુણસ્થાનોની અપેક્ષાએ ચૌદ ચૌદ પ્રકારનો છે, અશુદ્ધ છે, સંસારી છે અને વિદશાઓને છોડીને ગમન કરવા વાળો છે.

અજીવ દ્રવ્યના પાંચ ભેદ છે પુદ્ગલ ધર્મ, અધર્મ આકાશ અને કાળ જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હોય તેને પુદ્ગલ દ્રવ્ય કહે છે તેના અણું અને સ્કંધોની અપેક્ષાએ અનેક ભેદ છે, જીવ અને પુદ્ગલોને ચાલવામાં નિમિત્ત ધર્મ દ્રવ્ય છે અને સ્થિર રહેવામાં નિમિત્ત અધર્મ દ્રવ્ય છે. જીવાદિ દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત કાળ દ્રવ્ય છે, કાળ દ્રવ્યને છોડીને બીજા પાંચદ્રવ્યો બહુ પ્રદેશી હોવાથી અસ્તિકાય કહેવાય છે. આ પ્રમાણે શરીર અને આત્માનું સંક્ષિપ્ત લક્ષણ થયું હવે તે બાબતમાં આગળ વિચારીએ.

હું સુખી છું, હું દુઃખી છું, હું બિમાર છું હું તંદુરસ્ત છું આદિ શબ્દો દ્વારા શરીરને તમે હું તરીકે પિછાનો છો એ શું સત્ય છે ? તમારો અતીત કાળ તપાસો છેક બચપણમાં આ શરીર કેવું હતું યુવાનીમાં તેનુ કેવું પરિવર્તન થયું અને ઘડપણમાં તેના શા હાલ થયા ? જેમણે તમને બચપણમાં નિરખ્યાં હશે, તેઓ પૌઢ અવસ્થામાં તમને ભાગ્યે જ પિછાની શકશે, કયાં તે વખતનું તમારૂં સુકોમળ શરીર અને કયાં આજનું કરચોલીઓથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છવાયેલું બેડોળ શરીર ? પહેલાનું શરીર ક્યાં ગયું ? ત્યારે શું આજનું શરીર તે તમે છો ? ના ! તે તમે નથી. તમે તો શરીરની પ્રત્યેક પરિસ્થિતિને પહેચાણનાર આત્મા છો, શરીર બદલાય છે કારણ કે તે પરિવર્તન શીલ છે, પણ તેને જોનાર જ્ઞાતાદ્રષ્ટા આત્મા તે જ તમે છો. શરીર તો જડ છે જ્યારે તમે ચેતન છો. જન્મ મરણની જંજાળ શરીર ને હોય છે, તમે તો અમર છો. તો પછી આ નાશવંત શરીરને તમારૂં માનો છો તે શું બરાબર છે ? તમે શા માટે તેનાં માન, અપમાન સુખ-દુઃખ તથા જન્મ-મરણના ભાગીદાર બનો છો ? શું તમે નામ છો ? ફુલચંદભાઈ, દલીચંદભાઈ, જયંતિભાઈ એ શું તમારું સ્વરુપ છે ? તમારું નામ સાંભળતાજ ભરનિંદ્રામાંથી ઝબકીને જાગી જાવ છો, તમારા નામથી કોઈ તમને ભાંડે તો તમો આકૂળ-વ્યાકૂળ થઇ ઉઠો છો, પરંતુ જરા વિચારો આવાતો અનંતા શરીરો અનંત કાળથી લીધા અને મૂકયા એકે શરીર આપણું થયું નહિ, તો આ શરીર પણ આપણું ક્યાંથી હોય ? તો તેને માટે રાગ-દ્વેષ કરી શા માટે નવાં કર્મો ઉપાર્જન કરવા ? જે અનંતા ભવોનું પ્રદાન કરે છે અને અનંતા દુઃખોની ગર્તામાં ધકેલી દે છે.

ત્યારે શું ઇંદ્રિયોને તમે તમારૂં સ્વરૂપ માનો છો ? જો તેનો ઉત્તર તમે 'હું'કારમાં આપતા હોતો આંખ જતી રહેવાથી, નાક કપાઈ જવાથી, કાને બહેરાશ આવવાથી, ચામડી ઉઝરડાઇ જવાથી કે પગે અપંગ થવાથી શું તમે મરી જાવ છો ? તો પછી ઇંદ્રિયોની ઈંદ્રજાળમાં શા માટે ફસાઈ રહ્યા છો ? તમે તો જોનાર-જાણનાર છો. કદાચ તમો કહેશો કે 'મન' એ અમારું સ્વરૂપ છે. પરંતુ મન-પ્રદેશમાં વિચારોના તરંગો ઊછળે છે ત્યારે, તમે એ તરંગોને જાણો છો કે નહિ ? ના કહીને છટકી શકો નહિ. કારણ કે તમે બોલ્યા વિના નહીં રહી શકો કે, હમણાં જ મારા મનમાં એક વિચાર ઉપસ્થિત થયો હતો. એટલે કે જાગેલી વસ્તુને જાણનાર કોઈ બીજો જ છે તે કબૂલ કરવું જ પડશે. તેમજ તમે બુદ્ધિ પણ નથી કેમ કે તેની ગતિને પણ જાણો છો બુદ્ધિમાં વિકાર, વિકાસ, પવિત્રતા, અપવિત્રતા અને સારા-ખોટાની ચડતી પડતીની ખબર આત્માને પડે છે, નહીં તો તમે એમ ન કહેત કે મારી બુદ્ધિ હમણાં બગડી ગઇ છે અથવાતો સુધરી ગઈ છે. એટલે તેને જાણનાર અંદર રહેલો આત્મા જ છે પરંતુ તમે તો દેહ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકારાદિને સમૂહમાં 'હું-પણા'નો આરોપ કરો છો વસ્તુઃ તમે તો તેના દ્રષ્ટા છો. આ રીતે તમે પ્રાણ પણ નથી પ્રાણના દષ્ટા છો, પ્રાણની પ્રત્યેક પ્રક્રિયાઓ જીવન રેડનાર છો, તમે તો શુદ્ધ, બુદ્ધ, નિત્ય, ચેતન આનંદ મય આત્મા છો. દહેના નાશથી તમારો નાશ નથી થતો અને દેહના જન્મથી તમારો જન્મ થતો નથી. તમે તો અનાદિના આત્મા છો, તમારા સ્વરૂપમાં તમે અચળ પ્રતિષ્ઠિત છો, આ વાત બરાબર સમજો અને વિશ્વના પ્રત્યેક દ્વંદ્વોમાં અવિચળ રહો. આ પ્રમાણેની સ્વરૂપ સ્થિતએ જ તમારૂં સાચું સ્વરૂપ છે, તેની અનુભૂતિ કરવામાં જ જીવનની સાચી સફળતા છે, તેની અંશે અનુભૂતિ થતાં સમકિતનો આવિષ્કાર થાય છે. જેને ચોથું ગુણસ્થાનક કહેવામાં આવે છે અને ત્યાંથી જ આધ્યાત્મિક પથ પર પગ ચાંપી શકાય છે, તે સાધનામાં આગળ વધતા, સાચું શ્રાવક પણું, સાધુ પણું પ્રાદુર્ભૂત થાય છે અને તે રાહ પર વીર્ય તેમજ પુરૂષાર્થને ફોરવતા સાધનામાં આગળ વધતા છેવટે પૂર્ણતાએ પહોંચાય છે. જરૂર છે, વિભાવમાંથી સ્વભાવમાં આવવાની, આત્માથી આત્માને ઓળખવાની, તેની અનુભૂતિ કરવાની આત્માના મૂળ ગુણોનું પ્રગટી કરણ કરવાની પ્રત્યેક આત્મામાં પ્રભુ થવાની યોગ્યતા પહેલી જ છે જરૂર છે તે યોગ્યતા પ્રાપ્ત કરવાની. ❊



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રિયદર્શના

[ગતાંકથી ચાલુ]

ભ. મહાવીર, મહાશતકના પ્રાયશ્ચિતવડે જાણે કે એ જ સૂત્ર કાળના અનંત પડદા ઉપર મોટે અક્ષરે આલેખી ગયા છે. આર્ય નારી પ્રત્યે આવી નિર્મળ અને ઉદાર દૃષ્ટિથી જોનાર પુરુષ પ્રિયદર્શનાને શું કહી શકે ?

પણ ઢંક શ્રાવક, પ્રિયદર્શનાના માથાનો મળ્યો. એ જાતનો કુંભાર હતો અને શ્રાવસ્તિમાં રહેતો. તેણે પોતાની કળા-કારીગરી અને પરિશ્રમને પ્રતાપે સારી સમૃદ્ધિ પણ મેળવી હતી. ભ. મહાવીરનો એ પરમ ભક્ત હતો. જૈનધર્મ એની ચડતી કળા વખતે બ્રાહ્મણ, વૈશ્ય ને ક્ષત્રિય ઉપરાંત બીજી નાની-મોટી જ્ઞાતિઓમાં કેટલો ફેલાઈ ગયો હતો તે આ ઢંક શ્રાવકની શ્રદ્ધા અને લાગણી બતાવી આપે છે. જમાલિ અને પ્રિયદર્શનાનો સાધુ-સાધ્વીસંઘ ફરતો ફરતો શ્રાવસ્તિમાં આવી ચડ્યો. સાધુ-સંઘ નગર બહાર ઉદ્યાનમાં ઊતર્યો અને સાધ્વી સમુદાય ઢંક કુંભારની શાળામાં ઊતર્યો.

ઢંક શ્રાવકે જમાલિના જુદા પડવાની વાત સાંભળી હતી જૈનસંઘમાં એ પહેલવહેલો વિદ્રોહી હોવાથી, ધરતીકંપના સમાચાર દૂર દૂરના દેશાવરોમાં ફેલાઈ જાય તેમ આ વિદ્રોહની વાત એક જીભેથી બીજી જીભે ઘણે દૂર પહોંચી વળી હશે. ઢંક જેવા કેટલાય ભદ્રિકોને એથી ઉંડી વ્યથા પણ ઊપજી હશે.

પ્રિયદર્શના સાથે ચર્ચા કરવામાં ઢંકને કંઇ સાર જેવું નહિ લાગ્યું હોય. ચર્ચામાં વિતંડા કે કદાગ્રહ જન્મી પડે એવી પણ એને કદાચ બીક લાગી હશે. તર્ક અને પ્રમાણથી જ, ઊભી થતી સમસ્યાઓ ઉકેલાવી જોઇએ એ વાત સાચી, પણ જ્યાં તર્ક અને બુદ્ધિ નકામાં જણાય ત્યાં ક્રિયાત્મક પ્રયોગનો થોડો ટેકો લીધો હોય તો કંઈ ખોટું નહિ. આવો જ કંઇક વિચાર કરીને ઢંકે પ્રિયદર્શના પાસે થોડા આગના તણખા વેર્યા. ઊડતો ઊડતો એક તણખો પ્રિયદર્શનાના વસ્ત્રને સ્પર્શી ગયો અને આગના સ્વભાવ પ્રમાણે બાળવાની ક્રિયા શરૂ થઈ ગઈ. ઢંક એ જાણતો જ હતો.

પ્રિયદર્શના એકદમ બોલી ઊઠી. "જુઓ. જુઓ, ઢંક, તમારી ગફલતથી મારું આ વસ્ત્ર બળી ગયું !".

"આર્યે ! આપ વ્રતધારી થઇને ખોટું બોલી રહ્યાં છો !"

પ્રિયદર્શનાએ ઘડીભર આશ્ચર્યથી ઢંક સામે જોયું વસ્ત્ર બળતું હતું એ દીવા જેવી ચોખ્ખી વાત હતી અને છતાં ઢંક જેવો શ્રદ્ધાળુ, ભદ્રિક, સેવાપરાયણ શ્રાવક વાતને ઉડાવી રહ્યો હતો, તે પ્રિયદર્શનાથી સહન કેમ થાય ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"હું ખોટું બોલું છું ? મને તમે ખોટી કહો છો ? તમારી નજર સામે આ વસ્ત્ર બળી રહ્યું છે તે નથી જોઈ શકતા ?"

"હા, તો એમ કહો કે વસ્ત્ર બળી રહ્યું છે. બળી ગયું એમ કહેવું એ આપના સિદ્ધાંત પ્રમાણે જૂઠાણું છે. એટલા ખાતર તો આપે આપના પરોપકારી પિતાનો પણ ત્યાગ કર્યો છે. એટલા ખાતર તો આપે અખંડ અને અવિભક્ત સંઘમાં ભાગલા પાડી નાખ્યા છે. ભગવાને જ નયોની અપેક્ષાએ શબ્દાર્થના વિવિધરૂપ વિવેચ્યા છે. આપે વગર સમજ્યે કદાગ્રહ પકડી રાખ્યો અને વિશ્વવંદ્ય ગુરુની અવગણના કરી."

પ્રિયદર્શનાની આંખ આગળના પડદા એકદમ સરી પડતાં હોય એમ. એને લાગ્યું. ક્રિયમાણને કૃત કહેવામાં ભગવાન મહાવીર કેટલા વ્યવહારદક્ષ હતા તે હવે એને સમજાયું. જે અંધકાર કોઇ દિવસ ભેદાય નહિ એમ લાગતું હતું તે ઢંકના એક નાના શા પ્રયોગના પ્રતાપે પીગળીને પ્રકાશરૂપ બની જતો હોય એમ લાગ્યું.

"ઢંક ! તમે મારી ભ્રમણા ટાળવા માટે જ આ પ્રયોગ કર્યો લાગે છે. સાચે જ આજે તમારી પાસેથી નવી જ વાત સાંભળતી હોઉં એમ લાગે છે."

"નવી હોય કે જૂની. આર્યે ! એ બધો આપના પૂજ્ય પિતાજીનો જ પ્રતાપ છે. મારા જેવો એક સામાન્ય માણસ શ્રાવક બની શકે છે અને જુદી જુદી દૃષ્ટિએ વસ્તુનું સ્વરૂપ જોઈ શકે છે એ પ્રતાપ આપના પિતાનો જ છે. મારા જેવા કેટલાય માણસોને એમણે આંખ આપી છે—કેટલાય માર્ગ–ભૂલેલાઓને રાજરસ્તે દોર્યા છે." ઢંકની વાણીમાં ભક્તિની ગદ્‌ગદ્‌તા ઊભરાવા લાગી.

પ્રિયદર્શનાની પાતળી ભ્રમજાળને આટલા જ આંચકાની જરૂર હતી. એને પોતાની ભૂલ અને ઉતાવળ સમજાઈ. ઢંક શ્રાવક એને પરમોપકારી જેવો લાગ્યો. ભગવાનથી આટલે દૂર રહેનારા પણ જો ભગવાનના સિદ્ધાંત અને ઉપદેશને આટલી સરસ રીતે સમજી શકે છે તો પછી પાસે રહેનારા અને ભગવાનની સાથે કૌટુંબિક સંબંધ ધરાવનારે તો ભગવાનને સહેજ પણ અન્યાય ન થવા પામે તે વિષે કેટલીક કાળજી, જાગૃતિ રાખવી જોઇએ તેનો વિચાર કરતાં પ્રિયદર્શનાની આંખો અશ્રુભીની બની.

"હું આટલી નજીક રહેવા છતાં પ્રભુની સાદી વાત પણ પૂરી ન સમજી અને પતિની સાથે સંઘમાંથી જુદી પડી ચાલી નીકળી." પ્રિયદર્શના પોતાને જ ઉપાલંભ આપતી હોય તેમ અતિ ધીમે સ્વરે બોલી.

"કુટુંબીઓ, પરિચિતો, મિત્રોમાંથી બહુ જ ઓછા એવા ભાગ્યશાળી હશે કે જે લોકતારકને બરાબર સમજી શ્રદ્ધાથી અનુસરવાની તાકાત દાખવી શકતા હશે. તમારી એકલાની જ સ્ખલના થઈ છે એવું ન માનતાં. મહદ્ ભાગ્ય હોય તો જ પોતાની વચ્ચે વસતા–હરતા ફરતા મહાપુરુષને યથાર્થ સ્વરૂપમાં ઓળખી શકીએ."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ખરી વાત છે, ઢંક. મલયગિરિમાં રહેનારી ભીલડીને ચંદનની કંઈ જ કીંમત નથી હોતી. તે તો મોંઘા ચંદનને પણ બાવળના લાકડાની જેમ બાળી નાખશે. પોતાના જમાનાના અવતારી જેવા પુરૂષને પિછાનવા એ રમતવાત નથી.

ઢંક અને પ્રિયદર્શના કેટલીક વાર લગી શાંત–નિસ્તબ્ધ બેસી રહ્યાં. બળતું વસ્ત્ર તો પ્રિયદર્શનાએ કયારનું ઓલવી નાખ્યું હતું, પરંતુ અંતરમાં જે પવિત્ર પશ્ચાત્તાપનો અગ્નિ ભડભડ બળી રહ્યો હતો તેને કેવી રીતે ઓલાવવો એ હજી એને નહોતું સમજાયું. થોડી વાર રહીને પ્રિયદર્શના બોલવા લાગી :

"ઢંક, મારાથી આવી પહાડ જેવી મોટી ભૂલ કેમ થઈ હશે ? જે સિદ્ધાંત પ્રમાણે હું રાતદિવસ વર્તું છું, જેને સત્ય સમજું છું, તે જ સિદ્ધાંતના વિરોધ અર્થે મેં મારા પૂજ્ય પિતાજીનો પણ ત્યાગ કર્યો ! એક નાની વાતને મેં કેટલું મોટું રૂપ આપ્યું ?" પ્રિયદર્શનાનો એક એક ઉદ્દગાર આગના તણખા જેવો નીકળતો હતો.

ઢંકે જ એ આગ પેટાવી હતી. એણે જ એ શમાવવી જોઇએ, એમ ધારીને તે બોલ્યોઃ

"હવે, એ વિષે નકામી ચિંતા કરવાની જરૂર નથી. સવારે ભૂલો પડેલો મુસાફર, જો રાત્રે ઘેર પહોંચે તો એ ભૂલો પડેલો નથી ગણાતો. તમે પણ જરા આમતેમ રઝળીને–રખડીને આખરે ઠેકાણે આવીને ઊભાં રહ્યાં છો."

"પણ ઢંક. કોણ જાણે કેમ મારા મનને નિરાંત નથી વળતી."

"ભગવાનના શરણમાં પહોંચશો એટલે નિરાંત આપો-આપ વળી જશે. આલોચણા અને પ્રતિક્રમણ, પાપના મોટા પુંજને પણ બાળીને ભસ્મ કરી નાખશે."

ઢંકના એ શબ્દોના જ પડઘા પ્રિયદર્શનાના પોતાના અંતરમાં ઊઠતા હતા.

વીરાંગના તો તે હતીજ, એટલે તો પતિના સિદ્ધાંત પાછળ વગર સંકોચે તે ચાલી નીકળી હતી. પણ હવે એ ભૂલ સમજાઈ એટલે પછી પોતે વીરપુત્રી હતી તે ફરી એકવાર બતાવી આપ્યું. ભ. મહાવીર તે વખતે ત્યાંથી લગભગ બાર ગાઉ જેટલા દૂર હતા. ચારેય પ્રકારના આહારના ત્યાગનો નિર્ણય કરીને પ્રિયદર્શના ઢંકની પાસેથી તે જ ઘડીએ નીકળી ગઇ. ભગવાનનાં ચરણમાં પડી, ભૂલનું પ્રાયશ્ચિત કરી, પુનઃ સાધ્વી સંઘમાં ભળી ગઇ.

ઢંકે જ્યારે આ વાત સાંભળી, ત્યારે એનાથી સહેજે બોલાઈ જવાયું: "ભગવન્ મહાવીર ! અંતે તો આપના જ સિદ્ધાંતનો જય થવાનો !"

---

## શોકાંજલિ

**શ્રી ચંપકલાલ મોહનલાલ શાહ** ઉ. વર્ષ ૭૦ ભાવનગર મુકામે સં. ૨૦૪૯ના ફાગણ શુદ ૧૪ તા. ૭–૩–૯૩ ને રવિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખુબજ ધાર્મીક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરેલ છે, તેમના આત્માને પરમ શાન્તી મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી. **શ્રી જૈન આત્માનંદ સભા** ✻ ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાન ભંડાર

**સંસ્કૃત** ભાષાના તજજ્ઞ શ્રી અશોક અકલુજકર કે જેઓ બ્રીટીશ કોલંબીયા યુનીવરસીટીના એશીયન સ્ટડીઝ વીભાગના સંસ્કૃતના પ્રોફેસર છે. તેઓ કેનેડાના વાનકુંવર શહેરથી ભારતના ગ્રંથ ભંડારોની મુલાકાતે આવેલ હતા.

શ્રી જૈન આત્માનંદ સભા પાસે આશરે દોઢ હજાર હસ્ત લેખીત પ્રતોનો જ્ઞાન ભંડાર છે તેવી વિદેશથીજ માહીતી મેળવીને આવ્યા હતા.

આપણા આ હસ્ત લેખીત જ્ઞાન ભંડારનું સુચી પત્ર જોઈ તેમને તેમાંથી કેટલીક પ્રતો અભ્યાસ કરવા યોગ્ય જોઈ અને આપણી સભાના મંત્રીશ્રી હિંમતલાલ મોતીવાળાએ આ પ્રતો ભંડાર માંથી કાઢી આપી અને તેની ઝેરોક્ષ નકલ કરાવી આપી છે.

આ ગ્રંથ ભંડાર જ્ઞાનીને ઉપયોગી થયો તે બદલ આપણી સભા ગૌરવ અનુભવે છે.

લાયબ્રેરી તથા આવા હસ્ત લેખીત જ્ઞાન ભંડારની સુચી અંગે તેમણે કેટલાક ઉપયોગી સુચનો પણ કરેલ છે.

કાર્યવાહક કમીટીના સભ્ય શ્રી સંજયભાઈ ઠારે શ્રી અકલુજકરને સારો સાથ આપેલ છે. તે પણ ધન્યવાદને પાત્ર છે.

BOOK-POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
C/o શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧.

તંત્રી : પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only